# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટને બે અઠવાડિયામાં પ્રદૂષણના મુખ્ય સ્ત્રોતો ઓળખી અને તેને ઉકેલવા માટેની યોજના તૈયાર કરવાનો સર્વોચ્ચ અદાલતનો નિર્દેશ

2) કેન્દ્રીય બજેટમાં કરાયેલી જાહેરાતને અમલમાં મૂકવા માટે ત્રણ વર્ષનો જાહેર-ખાનગી ભાગીદારી પ્રોજેક્ટ તૈયાર કરાયો

3) કેન્દ્ર સરકાર દ્વારા સંરક્ષિત ૧૭૦થી વધુ સ્મારકો અને સંગ્રહાલયોની ટિકિટ હવે ઓનલાઈન ખરીદી શકાશે.

4) ભારતીય વૈજ્ઞાનિકોએ ગરમ પાણીને ઝડપથી જમાવવાની નવી ટેકનોલોજી વિકસાવી.

5) રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર કબજો કરવા માટે લશ્કરી બળનો ઉપયોગ સહિતના વિકલ્પો પર ચર્ચા કરી

6) પુરુષ U-19 ક્રિકેટની ત્રીજી એક દિવસીય મેચમાં આજે ભારત દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SC- CAQM

સર્વોચ્ચ અદાલતે, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ- CAQMને બે અઠવાડિયામાં પ્રદૂષણના તમામ મુખ્ય સ્ત્રોતો ઓળખવા અને તેને તબક્કાવાર ઉકેલવા માટે લાંબા ગાળાની  ક્ષેત્રીય કાર્ય યોજનાઓ પ્રસ્તાવિત કરવા નિર્દેશ આપ્યો છે.

CJI સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે ગઈકાલે જણાવ્યું કે CAQM એ બધા ક્ષેત્રના નિષ્ણાતોને એક છત નીચે લાવવા જોઈએ, ચર્ચા કરવી જોઈએ અને લાંબા ગાળાના ઉકેલો લાવવા જોઈએ, જેનો અમલ તબક્કાવાર કરવામાં આવશે જેથી આજીવિકા, ઉદ્યોગ અને જનતાને નુકસાન ન થાય. તેમણે એમ પણ કહ્યું કે, પ્રદૂષણ નિયંત્રણ નિષ્ફળ ગયું કારણ કે કોર્ટે સ્પષ્ટ, એકીકૃત યોજનાને અનુસરવાને બદલે, વિવિધ દિશાઓમાં નિર્દેશ કરતા ઘણા નિષ્ણાતોના મંતવ્યો ધ્યાનમાં લીધા.

કોર્ટે CAQMને આ મહિનાની 21 તારીખ સુધીમાં કાર્ય યોજના રજૂ કરવા જણાવ્યું છે.

# FINANCE-PPP PIPELINE

આર્થિક બાબતોના વિભાગે કેન્દ્રીય બજેટ 2025-26 માં કરવામાં આવેલી જાહેરાતને અમલમાં મૂકવા માટે ત્રણ વર્ષનો જાહેર-ખાનગી ભાગીદારી પ્રોજેક્ટ તૈયાર કર્યો છે.

પાઇપલાઇન પ્રોજેક્ટમાં કેન્દ્રીય મંત્રાલયો, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 852 માળખાગત પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જેનો કુલ ખર્ચ 17 લાખ કરોડ રૂ થી વધુ છે.

મંત્રાલયે જણાવ્યું કે આ પાઇપલાઇન સંભવિત જાહેર-ખાનગી ભાગીદારી પ્રોજેક્ટ્સ વિશે પ્રારંભિક માહિતી પૂરી પાડે છે, જે રોકાણકારો, વિકાસકર્તાઓ અને અન્ય હિસ્સેદારો માટે વધુ સારા આયોજન અને રોકાણના નિર્ણયોને સરળ બનાવે છે.

# JAISHANKAR-LUXEMBOURG

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, લક્ઝમબર્ગ ભારત માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર છે અને બંને દેશો વચ્ચે ફિનટેક, અવકાશ અને મિકેનિકલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રોમાં સહયોગ નોંધપાત્ર રીતે વિસ્તરી શકે છે.

ડૉ. જયશંકર ફ્રાન્સ અને લક્ઝમબર્ગની છ દિવસની મુલાકાતના ભાગ રૂપે હાલ લક્ઝમબર્ગમાં છે. તેમણે લક્ઝમબર્ગના પ્રધાનમંત્રી લુક ફ્રીડેન અને -વિદેશ મંત્રી ઝેવિયર બેટેલ સાથે મુલાકાત કરી હતી .

શ્રી જયશંકરે નોંધ્યું કે દ્વિપક્ષીય ભાગીદારી ઉપરાંત, લક્ઝમબર્ગે યુરોપિયન યુનિયન સાથે ભારતના સંબંધોને મજબૂત બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

ડૉ. જયશંકરે લક્ઝમબર્ગના નેતાઓ સાથે નાણા, રોકાણ, ટેકનોલોજી, નવીનતા, ડિજિટલ સેવાઓ અને પ્રતિભા ઉપયોગના ક્ષેત્રોમાં સહયોગ વધારવાની ચર્ચા કરી. તેઓ લક્ઝમબર્ગમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે પણ વાતચીત કરશે.

# ASI-TICKET BOOKING

કેન્દ્ર સરકાર દ્વારા સંરક્ષિત ૧૭૦થી વધુ સ્મારકો અને સંગ્રહાલયોની ટિકિટ હવે ઓનલાઈન ખરીદી શકાશે.

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે આ હેતુ માટે ડિજિટલ કોમર્સ માટે ઓપન નેટવર્ક શરૂ કર્યું છે. સંસ્કૃતિ મંત્રાલયે જણાવ્યું કે ઓનલાઈન ટિકિટિંગ સિસ્ટમ પ્રવાસીઓને વિવિધ એપ્લિકેશનો દ્વારા ટિકિટ બુક કરવામાં સુવિધા મળશે અને લાંબી કતારોમાંથી મુક્તિ આપશે.

ઓનલાઈન ટિકિટ પર ભારતીયો માટે પાંચ રૂપિયા અને વિદેશી નાગરિકો માટે 50 રૂપિયાનું હાલનું ડિસ્કાઉન્ટ ચાલુ રહેશે.

# SUPERCOMPUTER-SIMULATION

ભારતીય વૈજ્ઞાનિકોએ એક સુપર કોમ્પ્યુટર-સંચાલિત સિમ્યુલેશન ટેકનિક વિકસાવી છે, જેનાથી ગરમ પાણી, ઠંડા પાણી કરતાં ઝડપથી થીજી જશે.

માહિતી અને ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું કે જવાહરલાલ નેહરુ સેન્ટર ફોર એડવાન્સ્ડ સાયન્ટિફિક રિસર્ચના વૈજ્ઞાનિકોએ આ સિદ્ધિ હાંસલ કરી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ ટેકનિક પાણી સહિત કોઈપણ પ્રવાહીને ઘન પદાર્થમાં રૂપાંતરિત કરી શકે છે.

# RABI CROP DATA

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું કે, આ મહિનાની બીજી તારીખ સુધીમાં, દેશભરમાં 6 કરોડ 34 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં રવિ પાકનું વાવેતર થયું છે, જે ગયા વર્ષની સરખામણીમાં 16 લાખ હેક્ટરનો વધારો દર્શાવે છે.

કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા જાહેર કરાયેલ પ્રગતિ અહેવાલ મુજબ, ઘઉંનું વાવેતર 3 કરોડ 12 લાખ  હેક્ટરમાં જ્યારે ચોખાનું વાવેતર 42 લાખ હેક્ટરમાં થયું છે. કઠોળનું વાવેતર પણ વધીને 1 કરોડ 40 લાખ હેક્ટરમાં પહોંચ્યું છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 1 કરોડ 30 લાખ હેક્ટર હતું.

55 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કાચા અનાજ અને બરછટ અનાજનું અને 86 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં તેલીબિયાંનું વાવેતર કરવામાં આવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PUNJAB-ARREST

પંજાબ પોલીસના એન્ટી-નાર્કોટિક્સ સ્ક્વોડ અને બોર્ડર સિક્યુરિટી ફોર્સે ગઈકાલે બે સંયુક્ત કાર્યવાહીમાં હથિયારો, દારૂગોળો અને માદક દ્રવ્યો સાથે સાત લોકોની ધરપકડ કરી છે.

પ્રથમ કાર્યવાહીમાં અમૃતસરના એક સરહદી ગામમાંથી આશરે 20 કિલો હેરોઈન સાથે ચાર લોકોની ધરપકડ કરવામાં આવી. પ્રાથમિક તપાસ મુજબ, મુખ્ય આરોપી પાકિસ્તાની દાણચોરોના સંપર્કમાં હતો અને માદક દ્રવ્યોના કન્સાઇનમેન્ટ પૂરા પાડવામાં સામેલ હતો.

અન્ય એક કાર્યવાહીમાં, ભટિંડા પોલીસે ગેરકાયદેસર પિસ્તોલ અને જીવતા કારતૂસ સાથે ત્રણ લોકોની ધરપકડ કરી. આરોપીઓમાંથી એક તાજેતરમાં કેનેડાથી હત્યાના ઇરાદાથી પાછો ફર્યો હતો.

# US-GREENLAND-TAKEOVER

અમેરિકાના રાષ્ટ્રપતિ કાર્યાલયે જણાવ્યું કે વેનેઝુએલામાં લશ્કરી કાર્યવાહી બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર કબજો કરવા માટે લશ્કરી બળનો ઉપયોગ સહિતના વિકલ્પો પર ચર્ચા કરી છે.

શ્રી ટ્રમ્પે ફરી એકવાર કહ્યું કે ડેનમાર્કનો સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડ, અમેરિકાની સુરક્ષા માટે જરૂરી છે. દરમિયાન, ડેનમાર્કના પ્રધાનમંત્રી મેટ્ટે ફ્રેડરિકસેને ગઈકાલે ચેતવણી આપી હતી કે અમેરિકાનો હુમલો નાટો નો નાશ કરશે. ઘણા યુરોપિયન દેશોએ પણ ડેનમાર્કને ટેકો આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં, અમેરિકાએ લશ્કરી કાર્યવાહીમાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડ્યા હતા.

## VENEZUELAN-KILLING

વેનેઝુએલાની સેનાએ શનિવારે જણાવ્યું હતું કે અમેરિકી લશ્કરી કાર્યવાહીમાં વેનેઝુએલાના 24 સુરક્ષા અધિકારીઓ માર્યા ગયા હતા, જેનાથી મૃત્યુઆંક 56 થયો છે.

આ મૃત્યુઆંક, ક્યુબાની સરકાર દ્વારા રવિવારે અમેરિકી લશ્કરી કાર્યવાહીમાં ક્યુબાના 32 લશ્કરી અને પોલીસ અધિકારીઓના મોતની કરેલી જાહેરાત ઉપરાંત છે

## U-19 CRICKET

પુરુષ U-19 ક્રિકેટની ત્રીજી એક દિવસીય મેચમાં આજે ભારત દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ મેચ બેનોનીના વિલમોર પાર્ક સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે દોઢ વાગ્યે શરૂ થશે. આ એક દિવસીય શ્રેણીમાં ભારતે ૨-૦થી સરસાઈ મેળવી છે.

# SQUASH FINAL

ભારતની અનાહત સિંહ બ્રિટિશ જુનિયર ઓપન સ્ક્વોશ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચી છે.

તેણે બર્મિંગહામમાં મહિલા અંડર-૧૯ સેમિફાઇનલમાં ઇજિપ્તની ખેલાડીને 11-8, 11-7, 11-9થી હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ફાઇનલમાં તેનો સામનો ફ્રાન્સની લોરેન્ટ બાલ્ટેઇન સામે થશે.

# RAILWAYS ELECTRIFIED

ભારતીય રેલ્વે વિશ્વની સૌથી વધુ વીજળીકૃત રેલ્વે સિસ્ટમોમાંની એક બની ગઈ છે. દેશમાં લગભગ 70 હજાર કિલોમીટર લાંબી બ્રોડગેજ લાઇન પર ટ્રેનો હવે વીજળી પર ચાલે છે. દેશના 99 ટકાથી વધુ રેલ્વે નેટવર્કનું વીજળીકરણ કરવામાં આવ્યું છે.

2004થી 2014ની વચ્ચે, દરરોજ આશરે દોઢ કિલોમીટર રેલ્વે લાઇનનું વીજળીકરણ કરવામાં આવતું હતું, જે છેલ્લા છ વર્ષમાં વધીને 15 કિલોમીટરથી વધુ પ્રતિ દિવસ થયું છે. રેલ્વે હવે નવીનીકરણીય ઉર્જાનો વધુ ઉપયોગ કરી રહી છે.

ગયા વર્ષે નવેમ્બરમાં, રેલ્વેની સૌર ઉર્જા ક્ષમતા આશરે 900 મેગાવોટ સુધી પહોંચી ગઈ હતી, જે 2014માં ચાર મેગાવોટથી ઓછી હતી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં વિવિધ સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે કે, અડધી પશ્ચિમી દુનિયા અમારી, હવે ગ્રીનલેન્ડ પડાવીશ: ટ્રમ્પ
- સંદેશે લખ્યું છે કે, ટ્રમ્પ સામે યુરોપના સાત દેશોએ બાંય ચઢાવી.
- બાંગ્લાદેશમાં અત્યાચારની પરાકાષ્ઠા: વધુ એક હિન્દુની હત્યા, સ્થિતિ વણસીના સમાચાર દિવ્ય ભાસ્કરે લખ્યા છે.
- ફૂલછાબે લખ્યું છે કે, નેપાળમાં ફરી ભડકી હિંસા: ભારત સરહદે એલર્ટ
- અને નવ ગુજરાત સમયે લખ્યું છે કે, યૂરોપમાં ભારે બરફવર્ષાથી જનજીવન ઠપ: 5ના મોત
- સ્થાનિક સમાચારોમાં ઉત્તરાયણ સુધી શીતલહેરની આગાહી - ગિરનાર 7 અને નલિયા 7.5 ડિગ્રી, દેશની સૌ પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરીની કવાયત આગામી એપ્રિલથી શરૂ થશે, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે ને આઠ લેન કરવા ગડકરી સમક્ષ માગણી કરાશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.